NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સંશોધન નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી, ગુજરાત- ૩૯૬૪૫૦

ડૉ. તિમુર આર. અહલાવત
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન/ફેક્ષ (ઓ.): ૦૨૬૩૭ ૨૮૩૧૬૦
E-mail: dr@nau.in
Web Site: www.nau.in

વંચાણે: અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: નકૃયુ/સંનિ/વિકાસ ખર્ચ/મંજુરી/૩૨૧૯-૨૦/૨૦૨૬, તા. ૨૪/૦૬/૨૦૨૬

**યુનિવર્સીટી ખાતે ચાલતી વિવિધ વિકાસ ખર્ચ (પ્લાન) અને સ્થાયી ખર્ચ (નોન-પ્લાન) યોજનામાં લેવામાં આવતી મંજૂરીઓ અંગે સ્પષ્ટતા બાબત...**

## -:: પરિપત્ર ::-

આથી વંચાણે લીધેલ પરિપત્ર મુજબ નવસારી કૃષિ યુનિવર્સીટી હસ્તક ચાલતી વિવિધ વિકાસ ખર્ચ (પ્લાન) અને સ્થાયી ખર્ચ (નોન-પ્લાન) યોજનાઓ અંતર્ગત યોજનાકીય હેતુઓ મુજબની કામગીરી ની મંજૂરીઓ માટે વંચાણે લીધેલ પરિપત્ર માં દર્શાવેલ ફ્લો-ચાર્ટ મુજબ જ જરૂરી આધાર - પુરાવાઓ સાથે યુનિવર્સીટીના સ્ટેચ્યુટ મુજબ સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવવાની થતી હોય છે, જે અનુસંધાને અમુક સ્ટેચ્યુટના સંદર્ભમાં વહીવટી સ્પષ્ટતા નીચે મુજબ આથી કરવામાં આવે છે.

૧) સ્ટેચ્યુટ ૧૨૧ ના આઈટમ નંબર ૫૩ મુજબ જયારે જયારે હેડ ઓફ ઓફીસ/હેડ ઓફ યુનિટ ની સતા પૂર્ણ થતી હોય, તેવા કિસ્સામાં વંચાણે લીધેલ પરિપત્ર માં દર્શાવેલ ફ્લો-ચાર્ટ મુજબ જે-તે સત્તાધિકારી દ્વારા સંશોધન નિયામકશ્રી પાસેથી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૨) સ્ટેચ્યુટ-૧૨૧ના આઇટમ નં. ૭૫(ii) મુજબ, જ્યારે હેડ ઓફ યુનિટની સત્તા પૂર્ણ થતી હોય ત્યારે, વંચાણે લીધેલ પરિપત્ર માં શિક્ષણ હેઠળ આવતી તમામ સંસ્થાઓને જરૂરી આધાર-દસ્તાવેજો સાથે સંશોધનને લગતી યોજનાઓ સંશોધન નિયામકશ્રી તેમજ વિસ્તરણ શિક્ષણને લગતી યોજનાઓ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી સમક્ષ દરખાસ્ત રજૂ કરવાની રહેશે. વધુમાં, વંચાણે લીધેલ પરિપત્ર માં સંશોધન તેમજ વિસ્તરણ શિક્ષણ હેઠળની સંસ્થાઓએ દરખાસ્તો યોજના મુજબ દર્શાવેલ ફ્લો-ચાર્ટ અનુસાર નિયમિત પ્રક્રિયામાં કરવાની રહેશે.

આથી, વંચાણે લીધેલ પરિપત્ર માં જરૂરી સ્પષ્ટતા કરવામાં આવતા સર્વે અધિકારીશ્રીઓએ ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

જા.નં.નકૃયુ/સંનિ/ વિકાસ ખર્ચ/મંજુરી/4302/૨૦૨૬
તા. ૩૦.૦૯.૨૦૨૬

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**